# રંગોમાં ઝળકી સિટી



રવિશંકર આર્ટગેલેરી ખાતે જીજ્ઞેશ પંચાલનું 'સિટી રિવિઝિટેડ' યોજાઇ ગયું

## ઘડિયાળને કાંટે ચાલતી અમદાવાદનીલાઇફના અનેક રંગો જીજ્ઞેશ પંચાલે ચિત્રોમાં બાખૂબીથી સ્કેચ કર્યા છે



સિટી રિપોર્ટર | અમદાવાદ



પોળનો ગીચ વસ્તીવાળો આવાસ હોય કે પછી નદી વટાવ્યા પછીનો વાહનોનાં શોરબકોર અને ભાગદોડવાળો માહોલ, એક કટિંગ ચા પીતા અમદાવાદીઓની લાઇફ ઘડિયાળના કાટે ચાલુ થાય છે ને બસ ચાલ્યા જ કરે છે, આવી જ બાબતો પેઇન્ટિંગનાં સ્વરરૂપે જીજ્ઞેશ પંચાલે તેનાં પેઇન્ટિંગ એક્ઝિબિશન 'સિટી રિવિઝિટેડ'માં રંગો દ્વારા દર્શાવવાની કોશિશ કરી છે. સી.એન.માંથી ફાઇનઆર્ટની ડિગ્રી મેળવ્યા પછી ફ્રિલાન્સિંગ કામ કરતા જીજ્ઞેશ પંચાલે ત્રણ ગ્રૂપ-શો કર્યા છે જ્યારે 'સિટી રિવિઝિટેડ' તેનું પ્રથમ સોલો એક્ઝિબિશન છે જે આગામી ૨૦ એપ્રિલે દિલ્હીમાં યોજાવાનું છે.

પેઇન્ટિંગના શોખ અને એક્ઝિબિશન વિશે માહિતી આપતાં જીજ્ઞેશ પંચાલ કહે છે કે 'મને મારી આસાપાસમાં બનતી ઘટનાઓને ચિત્રો દ્વારા રજૂ કરવી ખૂબ જ ગમે છે. હું પોળમાં રહું છું અને મારા કામ અર્થે હું રોજ નદી વટાવીને પશ્ચિમ વિસ્તારમાં કામ કરવા જાઉં છું.

અમદાવાદમાં મારા જેવા ઘણાં લોકો હશે કે જેઓ આ રીતે જોબના કારણે કે બિઝનેસના કારણે નદી વટાવીને જતા હશે. મેં મારા પેઇન્ટિંગ એક્ઝિબિશનમાં આ જ બાબતને રંગો દ્વારા દર્શવવાની કોશિશ કરી છે. શહેર એક જ છે પણ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની રહેણીકરણી અલગ છે તેનો વિકાસ અલગ છે જે બાબતોને મેં મારાં ચિત્રો દ્વારા દર્શાવી છે.

એક તરફ પૂર્વ વિસ્તારના જૂના અમદાવાદમાં હેરિટેજ બિલ્ડિંગો છે તો બીજી તરફ પશ્ચિમ વિસ્તારના નવા અમદાવાદમાં ગગનચુંબી

સિટી હલચલ

### શાળામાં યોજાયું ઇનામવિતરણ



ઘાટલોડિયા વિસ્તારમાં આવેલ નેસ્ટ પબ્લિક સ્કૂલ દ્વારા એન્યુઅલ પ્રાઇઝ ડિસ્ટ્રિબ્યુશનનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો જેમાં સ્કૂલમાં ૧૦૦ ટકા હાજરી આપનાર, સારું કામ કરનાર અને બેસ્ટ એક્ટિવિટી કરનાર વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા, જેમાં પંચાલ પાર્થ અને ભારતીય જયને બેસ્ટ સ્ટુડન્ટનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં ભરતભાઈ પટેલ, હિંમતસિંઘ ચૌહાણ તથા ચિરાગ શાહે હાજરી આપી હતી.

### કીર્તન-કવિતા ગાઇ વૈશાખી ઊજવાઇ



અમદાવાદના સમસ્ત ગુરુદ્વારાઓમાં શીખ સમાજ દ્વારા બૈસાખી પર્વની ઉમળકાભર ઉજવણી કરાઇ હતી. આ પ્રસંગે ગુરુદ્વારા શ્રી ગુરુ સિંઘ સભા ખાતે કીર્તન તેમજ કવિ દરબારનું આયોજન કરાયું હતું, જેમા ૩ વર્ષથી માંડીને ૧૨વર્ષનાં ભૂલકાંઓએ આધ્યાત્મિક કવિતાઓ સંભળાવીને પર્વમા રંગ જમાવ્યો હતો.

94.3 MY FM jiyo dil se! 7 STATES, 17 CITIES.

| સમય | પ્રોગ્રામ | આર.જે. |
|---|---|---|
| સવારે ૭થી ૧૧ | સલામ અમદાવાદ | જે.જે. |
| ૧૧થી ૨ | ખીચડી | પાયલ |
| બપોરે ૨થી ૫ | મસ્તી કી પાઠશાલા | હેલી |
| સાંજેપથી ૮ | મિટર ડાઉન | કૃપા |
| રાત્રે૮થી ૧૦ | ચાંદની રાતે | - |
| ૧૦થી ૧૨ | લવ દિલ સે | ચાહત |
| ૧૨થી ૧ | માય વર્લ્ડ | - |

સિટી ભાસ્કરમાં આપ પણ જો કોઇ કાર્યક્રમ કે સંસ્થાના ઇવેન્ટનું કવરેજ મોકલવા ઇચ્છતા હોય તો ફોન નં. (૦૭૯) - ૩૯૮૮૮૮૫૦ પર સાંજના પાંચથી સાત વાગ્યા સુધીમાં જાણ કરવી તમારુ આમંત્રણ આ એડ્રેસ પર પણ મોકલી શકો છો. સિટી ભાસ્કર -ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ (વાય.એમ. સી.એ.ક્લબ પાસે) ૨૮૦, મકરબા, સરખેજ - ગાંધીનગર હાઇવે, અમદાવાદ-૩૮૦૦૫૧

# તમે પણ 'ફર્સ્ટ બોલના કેપ્ટન બની શકો

## કોઇ ગુજરાતી સમર્થક આઇસીસી ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપની કોઇ એક મેચમાં પ્રથમ બોલ નાખે તો આશ્ચર્ય થશે નહીં

સિટી રિપોર્ટર | અમદાવાદ



રોડ શોમાં ગેમની મજા લઇ રહેલા યુવાનો -તસવીરઃ વિજય આચાર્ય

સાઉથ આફ્રિકા ખાતે ૧૮મી એપ્રિલથી રમાનારી આઇપીએલ-રની ભારતીય ક્રિકેટપ્રેમીઓ ઘણી આતુરતાથી રાહ જોઇ રહ્યા છે પરંતુ જો કોઇ ગુજરાતના સમર્થકને ઇંગ્લેન્ડ ખાતે જૂન મહિનામાં રમાનારા આઇસીસી ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપમાં પ્રથમ બોલ ફેંકવા મળે તો આશ્ચર્ય પામશો નહીં, કારણ કે ઠંડા પીણાંની કંપની પેપ્સી શહેરમાં એક નવા પ્રકારનો ક્રેઝ જગાવી રહી છે અને તે છે 'ફર્સ્ટ બોલ કા કેપ્ટન'. ઇંગ્લેન્ડ ખાતે યોજાનારા આઇસીસી ટ્વેન્ટી૨૦ વર્લ્ડકપની કોન્ટેસ્ટ હાલમાં અમદાવાદના વિવિધ વિસ્તારમાં બાઇક બ્રિગેડની સાથે ધૂમ મચાવી રહી છે. વિજેતા ખેલાડીને ભારત તથા વિશ્વક્રિકેટના ટોચના ક્રિકેટર સામે કોઇ પણ એક મેચનો પ્રથમ બોલ નાખવા મળશે જે તેના માટે અવિસ્મરણીય પ્રસંગ બની રહેશે. ટોસ કા બોસ સહિત વિવિધ કોન્ટેસ્ટની જેમ ફર્સ્ટ બોલ કા કેપ્ટન કોન્ટેસ્ટમાં કોઇ પણ ક્રિકેટપ્રેમી ભાગ લઇ શકે છે અને તેમણે પેપ્સી વાનમાં તૈયાર કરવામાં આવેલી પિચ પર રાખવામાં આવેલા એક સ્ટમ્પને બોલિંગની એક્શન દ્વારા પાડવાનું હોય છે.

આ માટે ત્રણ ટ્રાયલ આપવામાં આવે છે અને નસીબદાર સમર્થકને એક સ્ક્રેચકાર્ડ આપવામાં આવે છે જેમાં વિવિધ પ્રકારની ભેટ લખેલી હોય છે.



### એ ગ્રાસહોપર્સ પિલ ગ્રિમેજ

જાણીતા લેખિકા ડોક્યુમેન્ટ્રી ફિલ્મ મેકર મંજુશ્રીની નવી બુક 'એ ગ્રાસહોપર્સ પિલગ્રિમેજ'નું વિમોચન રિવરસાઇડ સ્કૂલના ડાયરેક્ટર કિરણ શેઠી દ્વારા કરવામાં આવ્યું હતું. રીડિંગ ટ્રી બુકશોપમાં યોજાયેલા આ વિમોચન સમારંભમાં શહેરના પ્રબુદ્ધ લોકો પણ હાજર રહ્યાં હતાં. તસવીરઃ વિજય આચાર્ય

### રાજુ શાહ ડબલ્યૂઆઈઆરસી સેક્રેટરી



ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રાજુ શાહ વેસ્ટર્ન ઈન્ડિયા રિજિયોનલ કાઉન્સિલ(ડબલ્યૂઆઈઆરસી) ઓફ ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના સેક્રેટરી તરીકે ચૂંટાયા છે.

# ૧૨ વર્ષનો અનમોલ લિમ્કા બુકમાં

સિટી રિપોર્ટર | અમદાવાદ



એક મિનિટમાં ૧૩ દાખલા ગણી અનમોલે પોતાનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં નોંધાવ્યું

કહેવાય છે કે ભણતર સાથે ગણતર પણ જરૂરી હોય છે. એક્સ્ટ્રા એક્ટિવિટી વગર આજના દરેક વિદ્યાર્થીઓ પાંગળા લાગતા હોય છે, પણ મગજ કસવાની એક્સ્ટ્રા એક્ટિવિટીમાં ભાગ લેવાનું બહુ ઓછા લોકો વિચારતા હોય છે. એબકસ દ્વારા થતી 'મેન્ટલ એરિથમેટિક'ની એક્ટિવિટી જોઇન્ટ કરીને અનમોલે પોતાનો મેમરી પાવર અને કોન્ફિડન્સ લેવલ તો વધાર્યુ છે. સાથે સાથે એક મિનિટમાં ૧૩ દાખલા ગણી લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં પોતાનું નામ પણ નોંધાવ્યું છે. નેશનલ અને ઈન્ટરનેશલ લેવલની મેન્ટલ એરિથમેટિકની કોમ્પિટિશનમાં અનેક ઇનામો મેળવી ચૂકવેલ અનમોલ ડીપીએસ સ્કૂલમાં ધોરણ ૮માં ભણે છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં પોતાનું નામ આવ્યાનો ઉત્સાહ વ્યક્ત કરતો અનમોલ કહે છે કે, 'મારે હવે ગિનીસ બુક ઓફ રેકોર્ડમાં મારું નામ નોંધાવવું છે. હવે મારી પ્રેક્ટિસ ફક્ત એજ તરફની હશે. એક્સ્ટ્રા એક્ટિવિટી દરેકે કરવી જોઇએ પણ કોઇ પણ એક્ટિવિટી આપણને કેવી રીતે ફાયદાકાર છે તે વિચારીને કરવી જોઇએ.'

# વધુ વજન એક સમસ્યા!

સામાન્ય રીતે કોઈ પણ જાડી વ્યક્તિ વજન ઘટાડવા પહેલો પ્રયાસ ખોરાક ઘટાડવાનો કરે છે પરંતુ ખોરાક સિવાય પણ કેટલીક બાબતો એવી છે કે જો એ તરફ લક્ષ્ય ન આપીએ તો વજનઘટાડો લાવી શકાતો નથી. સૌપ્રથમ તો માનસિક તનાવ. વજન ઉતારવા માટે વ્યક્તિનું હકારાત્મક વલણ ખૂબ જરૂરી છે. મનની પ્રફુલ્લિતતા અને મનનો ઉદ્વેગ બંને પરિસ્થિતિ આપણા પાચનમાર્ગને ઉત્તેજિત અથવા અનઉત્તેજિત કરી શકે છે. આપણા સ્થૂળ શરીર સાથે એક ભાવાત્મક શરીર સંકળાયેલ છે. તમારા મનના ભાવો પાચકરસોને અસરકર્તા બને છે. જ્યારે તમારુ મન પ્રફુલ્લિત હોય છે ત્યારે શરીર તેની તમામ રાસાયણિક ક્રિયા સારી રીતે કરે છે. પાચકરસોની કાર્યશક્તિ અને તેનો સ્રાવ યોગ્ય રીતે થાય છે જે ચરબીનું દહન જલદી કરી શકે છે.

આથી વજન ઘટાડવું છે? તો મન પ્રફુલ્લિત રાખો. તમે જેવું સુંદર સ્વસ્થ શરીર ઇચ્છો છો એની કલ્પના કરો. એ કાલ્પનિક ચિત્રને હંમેશાં નજર સમક્ષ રાખો. તો તમે પાતળા બનવાનું એક પગથિયું સર કર્યું કહેવાય.



સમર વર્કશોપમાં વિવિધ એક્ટિવિટીની માહિતી આપતા આયોજક

# સમર વર્કશોપ યોજાયો

સિટી રિપોર્ટર | અમદાવાદ

દરેક બાળક કોઇને કોઇ કળામાં માહેર હોય છે બસ તેને ઓળખીને બહાર લાવવાની જરૂર છે. સામાન્ય રીતે જોવામાં આવે તો બાળકો ભણવામાં હોશિયાર હોય તે જરૂરી નથી, તેઓ ડાન્સ કે ડ્રોઇંગમાં પણ આગળ હોઇ શકે છે. સમર વેકેશન આવી ગયું છે ત્યારે શહેરના એસ.જી. હાઇવે પર આવેલા હુનર સ્કિલમાં બાળકોની સ્કિલ બહાર લાવવા માટે સમર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર વર્કશોપમાં બાળકોને સ્ટેજ પર માઇક પર ફ્રેન્ડલી વાત કરી શકે સાથે રેમ્પ વોક સ્ટ્રીટ પ્લે, ક્રિએટીવ આર્ટ એન્ડ ક્રાફ્ટની વર્કશોપની શરૂઆત કરવામાં આવી છે. આ કલાસિસમાં રજિસ્ટ્રેશન તા.૧૪ એપ્રિલથી શરૂ કરવામાં આવ્યું છે તે ઉપરાંત સેમિનાર અને એક્ઝિબિશન પણ શરૂ થયું છે.

આ વર્કશોપના ડાયરેક્ટર પ્રીતિ ભટ્ટે જણાવ્યું હતું કે આ વર્કશોપથી બાળકોમાં એક્સ ફેક્ટરને જાણી શકાય છે અને તેને બહાર લાવી શકાય છે. બાળકોને આવી એક્ટિવિટીથી સ્વાસ્થ્ય સાથે કંઇક નવું શીખવા મળે છે. આ વર્ક શોપ પર પોતાનાં મમ્મી સાથે આવેલાં બાળકોએ ડાન્સના અવનવા પ્રયોગો કરી બતાવ્યા હતા, જે જોઇને પેરેન્ટસ પણ દંગ રહી ગયાં હતાં. પેરેન્ટ્સ પણ જણાવ્યું હતું કે બાળકોની આવી એક્ટિવિટીથી તેમનામાં રહેલી છૂપી શક્તિઓને બહાર લાવી શકાય છે.


સિટી Mall Hello Doctor !! સિટી Mall

ઓપરેશન વગર મટી શકે છે
પથરી, પ્રોસ્ટેટ, કપાસી, નાકમાં મસા, કાકડા, હરસ, મસા, મણકાના કોઇપણ રોગ, ગાદીનો ઘસારો, કાનના કોઇપણ રોગ, ચામડીના કોઇપણ રોગ, કોઢ, સોરીયાસીસ અને મસા, હર્પીઝ, વધરાવળ વિગેરે માટે મળો.
ડૉ. મહાવીરસિંહ કે. પરમાર
કન્સલ્ટીંગ હોમિયોપેથ
"સુશ્રુષા હોસ્પિટલ"
સરદાર પટેલ સેવા સમાજ હોલની પાછળ, નવરંગપુરા, અમદાવાદ.
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : ૨૬૪૦૩૭૮૪, ૨૬૪૬૦૬૦૦
સમય : દર રવિવારે બપોરે - ૨:૦૦ થી ૫:૦૦

નિઃશુલ્ક શિરોધારા સારવાર
મફત આયુર્વેદ નિદાન કેમ્પ
જલ્દી કરો... શિરોધારાના અગણિત લાભો મેળવો...
★ રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં જ કરવામાં આવશે રજીસ્ટ્રેશન નં. ૨૭૬૨૦૭૪૬
★ ફ્રી શિરોધારા સારવારનો આખરી નિર્ણય વૈદ્યશ્રી જ કરશે.
★ મફત નિદાન કેમ્પ બાદ આયુર્વેદિક દવા તેમજ અન્ય પંચકર્મ સારવારમાં પણ સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ મેળવો.
★ મફત શિરોધારા સારવારમાં વપરાતી ઔષધી દર્દીઓને રાહત ભાવે મળશે.
ધનંજય આયુર્વેદ - પંચકર્મ હોસ્પિટલ
વૈદ્ય પ્રણવભાઈ દલવાડી રજીસ્ટ્રેશન નં : ૨૭૬૨૦૭૪૬
જી/૧૦૦/૧૧૯૨, શિવમ એપાર્ટમેન્ટ, વ્યાસવાડી સર્કલ પાસે, ૧૩૨ ફૂટ રીંગ રોડ, નવા વાડજ, અમદાવાદ-૧૩.

ખોડો ? ખીલ ?
વારંવાર થતા ખોડા તથા ખીલની સમસ્યામાં વર્ષોના Research બાદ અનુભવ સિદ્ધ સચોટ
શિરોધારા / ઔષધ ચિકિત્સા
ડૉ. શ્રદ્ધા વ્યાસ M.D. (Ayu.)
Piyushpani CLINIC & HOSPITAL a tradition of ayurveda since 1875
૪૦૭, શિલ્પ કોર્નર, સુભાષ ચોક,ગુરૂકુલ રોડ, અમદાવાદ
Ph. : 27412069, 9824518070

+ આયુર્વેદીક ક્લીનીક +
સ્પે. શિરોધારા ટ્રીટમેન્ટ
વાળની સમસ્યા? ખીલ?
ખીલનાં ડાઘાં, ખાડાં, ખરતાં વાળ, ખોડો, અકાળે વાળનું સફેદ થવું, રૂક્ષ-બેજાન વાળ, ઉંદરી ટાલ પડવી
વંધ્યત્વ? શુક્રાણુઓની કમી?
સ્ત્રી - પુરુષોના રોગો, માસીકની તકલીફ, મેદ, કૃમી, ગેસ, એસીડીટી, કાયમી શરદી, ચામડીના જટિલ રોગોમાં આયુ. ઔષધિ દ્વારા સારવાર
ડો. પ્રાર્થના મહેતા M.D. (આયુર્વેદ)
પ્રાર્થના ક્લીનીક : શીલાલેખ કોમ્પલેક્ષ, ત્રીજે માળ, ફુવારાની સામે, નહેરૂ પાર્ક ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ. (સમય : ૧૦ થી ૧૧, ૫ થી ૬)
શિવમ ક્લીનીક : ૯, ભક્તિનગર કોમ્પલેક્ષ, સનસેટ રો-હાઉસીસ સામે, ગુરૂકુળ રોડ, અમદાવાદ. સમય : ૧૧ થી ૧, ૬ થી ૮
Ph : 27410378
સ્પે. શિરોધારા - તક્રધારા - દુગ્ધધારા - નસ્ય ટ્રીટમેન્ટ

શિરોધારા દ્વારા
એકાગ્રતા, ટેન્શન
જનો માથાનો દુઃખાવો,
વિચારો, બી.પી,
અનિદ્રા, વધુ ગુસ્સો,
વાળની સમસ્યાઓની સારવાર
રાજવૈદ્ય ક્લિનિક
૧૭૩, આઝાદ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ,
ફોન. ૨૬૭૪૪૨૪૦, મો. ૯૮૯૮૯૨૬૬૪૨

ડૉ. પ્રદિપ એ. દોશી(D.H.M.S., D.Acp.)
હોમિયોપેથ, એક્યુપંચરિસ્ટ, વનસ્પતિશાસ્ત્રી, નેચરોથેરાપીસ્ટ
કેન્સર-ડાયાબીટીશ-અસ્થમા-કીડની ફેઇલ્યોર-ડીપ્રેશન-એપીલેપ્સી-સોરાયસીસ- પથરી (સ્ટોન)-માઇગ્રેન-જેવા રોગોની સારવાર
વિદ્યાર્થીઓની યાદશક્તિ, એકાગ્રતા, મનોશક્તિ વધારનાર - વનસ્પતિઓના રસ/ચૂર્ણ/કેપ્સુલ નિયમિત રીતે ઉપલબ્ધ
બી/૧, કૃતિ એપાર્ટમેન્ટ, જાહ્નવી રેસ્ટોરેન્ટ પાસે, ગુજ. યુનિ. રોડ., અમદાવાદ-૩૮૦૦૧૫.
Ph : 079- 26300716/65122074

લકવો
૧૦ દિવસમાં સુધારો
૬૦ વર્ષના લાકડીથી ચાલતા ૧૦ વર્ષના જુના લકવાના દર્દી ફરી કામ કરતા થઈ શકે છે.
કમર, ઢીંચણ, ડોક,ખભાનો દુઃખાવો ઓબેસીટી માટે
સંપૂર્ણપણે મશીનથી અપાતી સારવાર...
એક્યુપંક્ચર હોસ્પિટલ
એ-૧, વિક્રમ એપાર્ટમેન્ટ, માણેકબાગ હોલથી આગળ, શ્રેયસક્રોસીંગ પાસે,પુલ નીચે,આંબાવાડી, અમદાવાદ-૧૫.
(M) 9879500179 (H) 26620472

મેડીક્લેઈમ
સરકાર માન્ય કંપની દ્વારા
૮૦ વર્ષ સુધી
ટેસ્ટ રીપોર્ટ વગર
૩૧ માં દિવસથી મોતીયો, બાયપાસ સર્જરી, ઘૂંટણ રીપ્લેસમેન્ટ, કેન્સર, કિડની અને પેરાલીસીસની સારવારમાં લાભ મેળવો.
CHIRAG PATEL 9426356041

૧૦૦% ડિજીટલ
હિયરીંગ એઈડ
3D સાઉન્ડ ક્વોલિટી
બધા જ પ્રકારના હિયરીંગ એઈડ મળશે.
ધવલ એન્ટરપ્રાઈઝ
૨૨૭, સાકાર-૭, નેહરૂબ્રિજ કોર્નર, આશ્રમરોડ. M. 9879658824

અમદાવાદમાં દર મહીનાના પહેલા રવિવારે
તા. 3-5-2009 એપોઇન્ટમેન્ટથી મળશે
(M) 94269 66037
અહીં છે આશાનું એક કિરણ !!
નિઃસંતાન ઉપચાર કેન્દ્ર
ડૉ. હરિક્રિષ્ણાબેન ભટ્ટ એમ.ડી. (આયુર્વેદ)
વંધ્યત્વ, સ્ત્રીરોગ તથા શુક્રાણુની ખામીના નિષ્ણાંત
ટેસ્ટ ટ્યુબ બેબી આઇ.વી.એફ. તથા ઇક્સીનો વિકલ્પ
ઓલીગીસ્પર્મીયા, નેક્રોસ્પર્મીઆ તથા એઝોસ્પર્મીઆ માટે ૬૨ દિવસની વિશેષ આયુ. સારવાર
પ્રાર્થના કલીનીક
રૂદ્ર સ્કેવર,જજીસ બંગલો, ક્રોસ રોડ, બોડકદેવ, અમદાવાદ
E-mail : infertility@sify.com Website : www.ayurved-infertility.org

આયુર્વેદીક પંચકર્મ સારવારનો અનોખો અનુભવ...
આયુકલ્પ
આયુકલ્પ સેન્ટરમાં થતી સારવાર :
ડાયાબીટીસ
ડિપ્રેશન
અનિંદ્રા
અસ્થમા
બીપી
સંધિવા તથા અન્ય તમામ પ્રકારના રોગો માટે
શિરોધારા, નસ્ય,
બસ્તિ,મસાજ વગેરે
પંચકર્મ સારવાર
Sunday Closed
Ayukalp AYURVEDIC CENTRE
B/210, શીવાલીક આર્કેડ, પ્રહલાદનગર ગાર્ડન સામે ૧૦૦ ફૂટ રોડ,સેટેલાઇટ,અમદાવાદ-૧૫, ફોન : 26932358
E-mail : info@ayukalp.com, www.ayukalp.com

ઘેર બેઠા વજન ઘટાડો
અને હર્બલ ન્યુટ્રીશનથી - આડ અસર વગર તંદુરસ્તી મેળવો
World Best, No Exercise, No Dieting
Free Body Analysis & Presentation
વજન ઘટ્યા પછી વધતુ નથી !!
તમારી કાયમી બીમારીની ફરીયાદ દુર કરો
વજન ઘટાડવા ફક્ત એક વાર રૂબરૂ ૪૫ મિનીટ મળવુ જરૂરી છે.
દિપક શાહ T: 079-27410043 M: 92284 30093
Website : www.deepakshah.co.cc

ડાયાબીટીસનો સંપૂર્ણ ઈલાજ
સ્ત્રી-રોગનો સંપૂર્ણ ઇલાજ
અનિયમીત માસિક, પ્રદર,હદયરોગ,સંધિવા, પુરુષોના ગુપ્તરોગ ,ચામડીના રોગ, અસ્થમા, એઈડ્સ તથા દરેક રોગોના ઈલાજ માટે મળો - ૧ થી ૭
રાહુલ આયુર્વેદિક રીસર્ચ સેન્ટર
ડૉ. પ્રણવ દીક્ષિત મો.: ૯૯૨૪૧૨૫૧૬૭
૨૮, ગુણાતીત એપાર્ટમેન્ટ, સંજીવની હોસ્પીટલ પાછળ, ભીમજીપુરા, નવાવાડજ, અમદાવાદ.